આખર મરવું સહી

શ્રી-કચ્છ-ભુજપુરવાલા શેઠ નરશીભાઈ
તથા લીલાધરભાઈ તેજસીના સ્વ૦
માતુશ્રી માંઈબાઈના સ્મરણાર્થે ભેટ.

ૐ

શ્રી પુણ્યપ્રકાશ સ્તવન

તથા

શ્રી સાધુવંદના

સુણો, પરઠો પરો

—આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળ જ્ઞાન રે—

એક પળ પણ પ્રમાદ ન સેવો

નાનચંદ માણેકચંદ મહેતાએ કાલબાદેવી પ્રી. પ્રેસમાં
છાપી પ્રસિદ્ધ કર્યું.
૩૩૪ કાલબાદેવી રોડ-મુંબઈ

મુંબઈ ૧૯૧૨

BEAR, FORBEAR, KNOW THYSELF.

ॐ

श्री मंगल मंत्र.

નમો અરિહંતાણં,
નમો સિદ્ધાણં,
નમો આયરિઆણં,
નમો ઉવજ્ઝાયાણં,
નમો લોએ સવ્વસાહૂણં,
એસો પંચ નમુક્કારો,
સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં,
પઢમં હોઈ મંગલં.

શ્રી

आराधनानुं-पुण्यप्रकाश स्तवन.

દોહરા.

સકલ સિદ્ધિ દાયક સદા, ચોવીસે જિનરાય;
સહગુરૂ[1] સ્વામિની સરસતી, પ્રેમે પ્રણમું પાય. ૧
ત્રિભુવનપતિ ત્રિશલાતણો, નંદન ગુણ ગંભીર;
શાસનનાયક જગ જયો, વર્દ્ધમાન વડવીર.[2] ૨
એક દિન વીરજીણંદને, ચરણે કરી પ્રણામ;
ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમ સ્વામ. ૩
મુક્તિમારગ આરાધિયે, કહો કેણીપરે અરિહંત;
સુધા સરસ તવ વચનરસ, ભાખે શ્રી ભગવંત. ૪
અતિચાર આલોઈએ, વ્રત ધરિયે ગુરૂ શાખ;
જીવ ખમાવો સયલ જે, યોનિ ચોરાસી લાખ. ૫
વિધિશું વળી વોસરાવિયે, પાપસ્થાનક અઢાર;
ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિત આચાર. ૬
શુભ કરણી અનુમોદિયે, ભાવ ભલો મન આણી;
અણસણ અવસર આદરી, નવ પદ જપો સુજાણ. ૭

---

૧ સહગુરૂ-ગુરૂની સાથે; ગુરૂને તેમજ. ૨ વીરોમાં ઉત્તમ.

શુભગતિ આરાધન તણા એ છે દશ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવપાર. ૮

ઢાલ પેહેલી

(એ છીંડી કીહાં રાખી—એ દેશી.)

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ, એ પાંચે આચાર;
એહતણા ઈહભવ પરભવના, આલોઈએં અતિચારરે,
પ્રાણી! જ્ઞાન ભણો ગુણખાણી.
વીર વદે એમ વાણીરે, પ્રા૦ જ્ઞા૦ ૧

ગુરૂ ઓલવિયે નહીં, ગુરૂ વિનયેં, કાળે ધરી બહુ માન;
સૂત્ર અર્થ તદુભય કરી સૂધાં, ભણીયે વહી ઉપધાનરે;
પ્રા૦ જ્ઞા૦ ૨

જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકરવાલી;
તેહ તણી કીધી આશાતના, જ્ઞાનભકિત ન સંભારીરે;
પ્રા૦ જ્ઞા૦ ૩

ઇત્યાદિક વિપરિતપણાથી, જ્ઞાન વરાધ્યું જેહ;
આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છાદુક્કડ તેહરે,
પ્રાણી! સમકીત લ્યો શુદ્ધ જાણી; ૪

જિન વચને શંકા નવ કીજે, નવ પરમત અભિલાષ;
સાધુ તણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખ રે;
પ્રા૦ સ૦ ૫

મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરિયે,
[1]સાહુમ્મિને ધર્મે કરી સ્થિરતા, ભકિત પ્રભાવના કરીએ રે;
પ્રા૦ સ૦ ૬
સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે, અવર્ણવાદ મન લેખ્યો;
દ્રવ્ય દેવકો જે વિણસાડયો, વિણસંતાં ઉવેખ્યો રે;
પ્રા૦ સ૦ ૭
ઈત્યાદિક વિપરીતપણાથી, સમકીત ખંડયું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવો ભવ, મિચ્છાદુક્કડ તેહરે,
પ્રાણી ! ચારિત્ર લ્યો ચિત્ત આણી. ૮
પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચન માય;
સાધુ તણે ધર્મે પરમાદે, અશુદ્ધ વચન મન કાય રે,
પ્રા૦ ચા૦ ૯
શ્રાવકને ધર્મે સામાયિક, પોસહમાં મન વાળી,
જે જયણા પૂર્વક જે આઠે, પ્રવચન માય ન પાળી રે,
પ્રા૦ ચા૦ ૧૦
ઈત્યાદિક વિપરીત પણાથી, ચારિત્ર ડહોલ્યું જેહ,
આ ભવ૦ મિચ્છા૦ પ્રા૦ ચા૦ ૧૧
બારે ભેદે તપ નવી કીધો, છતે યોગે નિજ શકતે,
ધર્મે મન વચ કાયા વીરજ, નવિ ફોરવીયું ભકતે રે,
પ્રા૦ ચા૦ ૧૨

---

૧ સાધર્મી.

તપ વીરજ આચાર એણીપેરે, વિવિધ વિરાધ્યા જેહ;
આ ભવ૦ મિચ્છા૦ પ્રા૦ ચા૦ ૧૩
વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઇયે;
વીરજીણેસર વયણ સુણીને, પાપ મેલ સવી ધોઇએ રે,
પ્રા૦ ચા૦ ૧૪

ઢાલ બીજી.

(પામી સુગુરૂ પસાય-એ દેશી.)

પૃથિવી પાણી તેઉ, વાઉ વનસ્પતિ;
એ પાંચે થાવર કહ્યાં એ;
કરી કર્ષણ આરંભ, ક્ષેત્ર જે ખેડીયાં;
કૂવા તળાવ ખણાવીયા એ. ૧
ઘર આરંભ અનેક, ટાંકાં ભોયરાં;
મેડી માળ ચણાવિયાં એ.
લિંપણ ગુંપણ કાજ, એણીપરેં પરપરે;
પૃથ્વીકાય વિરાધીઆ એ. ૨
ધોયણ નાહણ પાણી, ઝીલણ અપ્કાય;
છોતી ધોતી કરી દુહવ્યાં એ;
ભાઠીગર કુંભાર, લોહ સોવનગરા;
ભાડભુંજા લિહાગરા એ. ૩
તાપણ શેકણ કાજ, વસ્ત્ર નિખારણ;
રંગણ રાંધણ રસવતી એ,

એણીપરે કર્માદાન, પરે પરે કેળવી;
તેઉ વાઉ વિરાધીયા એ. ૪
વાડી વન આરામ, વાવી વનસ્પતિ;
પાન ફૂલ ફળ ચૂંટીયાં એ;
પહોંક પાપડી શાક, શેકયાં સૂકવ્યાં,
છેદ્યાં છુંદ્યાં આથીયાં એ. ૫
અલસીને એરંડ, ઘાણી ઘાલીને,
ઘણા તિલાદિક પીલીયા એ.
ઘાલી કોલુમાંહિ, પીલી શેલડી,
કંદમૂળ ફળ વેચીયાં એ. ૬
એમ એકેંદ્રિય જીવ, હણ્યા હણાવીયા;
હણતાં જે અનુમોદિયાએ.
આ ભવ પરભવ જેહ,
વળી ભવોભવ, તે મુજ૦ ૭
કૃમી સરમીયા કીડા, ગાડર ગંડોળા;
ઈયળ પોરા અળશીયાં એ,
વાળા જળો ચુડેલ, વિચલિત રસતણા;
વળી અથાણા પ્રમુખના એ.
એમ બે ઇંદ્રિય જીવ,
જે મેં દુહવ્યા. તે મુજ૦ ૮

ઉદ્દેહી જુ લીખ, માંકણ મંકોડા,
ચાંચડ કીડા કંથુઆ એ
ગદ્દહીયાં ધીમેલ, કાનખજુરડા,
ગીંગોડા ધનેરીયાં એ;
એમ તેઇંદ્રિય જીવ,
જે મેં દુહવ્યા તે મુજ૦ ૯
માખી મચ્છર ડાંસ, મસા પતગીયાં,
કંસારી કોલિયાવડાએ;
ઢીંચણ વિછુ તીડ, ભમરા ભમરીયો,
કોતાં બગ ખડમાંકડી એ
એમ ચૌરિંદ્રિય જીવ,
જે મેં દુહવ્યા, તે મુજ૦ ૧૦
જળમાં નાંખી જાળ, જળચર દુહવ્યા,
વનમાં મૃગ સંતાપીયા એ;
પીડયા પંખી જીવ, પાડી પાશમાં,
પોપટ ઘાલ્યા પાંજરે એ;
એમ પંચેંદ્રિય જીવ,
જે મેં દુહવ્યા, તે મુજ૦ ૧૧

ઢાળ ત્રીજી.

(સમકિતનું મૂળ જાણિયેજી એ-દેશી.)

ક્રોધ લોભ ભય હાસ્યથીજી, બોલ્યાં વચન અસત્ય;

કૂડ કરી ધન પારકાંજી, લીધાં જેહ અદત્તરે;
જીનજી! મિચ્છાદુક્કડ આજ.
તુમ સાખે મહારાજરે,
જી૦ દેઈ સારૂં કાજરે, જી૦ મિ૦ ૧
દેવ મનુજ તિર્યંચનાંજી,
મૈથુન સેવ્યાં જેહ:
વિષયારસ લંપટપણેજી
ઘણું વિડંબ્યો દેહરે. જી૦ મિ૦ ૨
પરિગ્રહની મમતા કરીજી,
ભવભવ મ્હેલી આથ;
જે જીહાંની તે તીહાં રહીજી,
કોઈ ન આવી સાથરે, જી૦ મિ૦ ૩
રયણીભોજન જે કર્યાંજી,
કીધાં ભક્ષ્ય અભક્ષ્ય;
રસના રસની લાલચેંજી,
પાપ કર્યાં પ્રત્યક્ષરે, જી૦ મિ૦ ૪
વ્રત લેઈ વિસારીયાંજી, વળી ભાગ્યાં પચ્ચખ્ખાણ;
કપટ હેતુ કિરિયા કરીજી,
કીધાં આપ વખાણરે, જી૦ મિ૦ ૫
ત્રણ ઢાળ આઠે દુહેજી, આલોયા અતિચાર;
શિવગતિ આરાધન તણોજી,
એ પહેલો અધિકારરે, જી૦ મિ૦ ૬

ઢાળ ચોથી

(સાહેલડીની દેશી)

પંચ મહા વ્રત આદરો-સાહેલડીરે,
અથવા લ્યો વ્રત બાર તો;
યથાશક્તિ વ્રત આદરી-સાહેલડીરે,
પાલો નિરતિચાર તો. ૧
વ્રત લીધાં સંભારીએ-સાહેલડીરે,
હૈડે ધરી વિચાર તો;
શિવગતિ આરાધન તણો-સાહેલડીરે,
એ બીજો અધિકાર તો. ૨
જીવ સર્વે ખમાવીએ-સાહેલડીરે,
યોનિ ચોરાસી લાખ તો;
મન શુધ્ધે કરી ખામણાં-સાહેલડીરે,
કોઇશું રોશ ન રાખતો. ૩
સર્વ મિત્ર કરી ચિંતવો-સાહેલડીરે,
કોઈ ન જાણો શત્રુ તો;
રાગદ્વેષ એમ પરિહરો-સાહેલડીરે,
કીજે જન્મ પવિત્ર તો. ૪
સાહમ્મિ સંઘ ખમાવિયે-સાહેલડીરે,
જે ઉપની અપ્રીત તો;

સજજન કુટુંબ કરી ખામણાં સાહેલડીરે,
એ જિનશાસન રીત તો ૫

ખમીએ અને ખમાવીએ-સાહેલડીરે,
એહજ ધર્મનો સાર તો;
શિવગતિ આરાધન તણો-સાહેલડીરે,
એ ત્રીજો અધિકાર તો. ૬

મૃષાવાદ હિંસા ચોરી-સાહેલડીરે,
ધનમૂર્છા[૧] મૈહુન્ન તો,
ક્રોધ માન માયા તૃષ્ણા-સાહેલડીરે,
પ્રેમ દ્વેષ પૈશુન્ય તો. ૭

નિંદા કલહ ન કીજીએ-સાહેલડીરે,
કુડાં ન દીજે આળ તો;
રતિ અરતિ મિથ્યા તજો-સાહેલડીરે,
માયામોસ જંજાળતો. ૮

ત્રિવિધ ત્રિવિધ વોસરાવિયે-સાહેલડીરે,
પાપસ્થાનક અઢાર તો;
શિવગતિ આરાધન તણો-સાહેલડીરે,
એ ચોથો અધિકાર તો. ૯

ઢાળ પાંચમી

(હવે નિસુણો ઇહાં આવિયાએ—એ દેશી.)

જન્મ જરા મરણે કરીએ, એ સંસાર અસાર તો;
કર્યાં કર્મ સહુ અનુભવેએ, કોઇ ન રાખણહાર તો. ૧
શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધભગવંત તો;
શરણ ધર્મ શ્રી જૈનનો એ, સાધુ શરણ ગુણવંત તો. ૨
અવર મોહ સવિ પરહરિ એ, ચાર શરણ ચિત્ત ધાર તો;
શિવગતિ આરાધન તણો એ, એ પાંચમો અધિકાર તો. ૩
આ ભવ પરભવ જે કર્યાં એ, પાપ કર્મ કેઇ લાખ તો;
આત્મ સાખે નિંદીએ એ, પડિક્કમિએ ગુરૂ સાખ તો ૪
મિથ્યામતિ વર્ત્તાવિયાં એ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તો;
કુમતિ કદાગ્રહને વશે એ, વળી ઉત્થાપ્યાં સૂત્ર તો. ૫
ઘડયાં ઘડાવ્યા જે ઘણાં એ, ઘંટી હળ હથિયાર તો;
ભવ ભવ મ્હેલી મૂકીયાં એ, કરતાં જીવ સંહાર તો. ૬
પાપ કરીને પોષીયાં એ, જન્મ જન્મ પરિવાર તો;
જન્માંતર પહોતા પછી એ, કોઇ ન કીધી સાર તો. ૭
આ ભવ પરભવ જે કર્યાં એ, એમ અધિકરણ અનેક તો;
ત્રિવિધત્રિવિધ વોસિરાવિયે એ, આણી હૃદય વિવેક તો ૮
દુઃકૃત નિંદા એમ કરીએ, પાપ કર્યાં પરિહાર તો;
શિવગતિ આરાધન તણો એ, એ છઠો અધિકાર તો. ૯

ઢાલ છઠ્ઠી.

(રાગ રામગ્રી, અથવા આદિ તું જોય તે આપણી-એ દેશી.)

ધન્ય ધન્ય તે દિન માહરો, જીહાં કીધો ધર્મ;
દાન શિયળ તપ આદરી, ટાળ્યાં દુષ્કર્મ-ધન્ય૦ ૧
શત્રુંજયાદિક તીર્થની, જે કીધી યાત્ર;
જુગતે જીનવર પૂજીયા, વળી પોષ્યાં પાત્ર-ધ૦ ૨
પુસ્તક જ્ઞાન લખાવીયાં, જિનહર[1] જિનચૈત્ય;
સંઘ ચતુરવિધ સાચવ્યાં, એ સાતે ક્ષેત્ર-ધન્ય૦ ૩
પડિક્કમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન;
સાધુ સુરિ ઉવજ્ઝાયને, દીધાં બહુમાન-ધ૦ ૪
ધર્મ કારજ અનુમોદિયે, ઈમ વારંવાર;
શિવગતિ આરાધન તણો, સાતમો અધિકાર-ધ૦ ૫
ભાવ ભલો મન આણીયે, ચિત્ત આણી ઠામ;
સમતા ભાવે ભાવિયેં, એ આતમરામ-ધ૦ ૬
સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય;
કર્મ આપ જે આચરયાં, ભોગવીયેં સોય-ધ૦ ૭
સમતાવિણ જે અનુસરે, પ્રાણી પુણ્યનાં કામ;
છાર ઉપર તે લીપણું, જાખર[3] ચિત્રામ-ધ૦ ૮
ભાવ ભલીપરે ભાવિયે, એ ધર્મનો સાર;
શિવગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર--ધ૦ ૯

---

૧ જીનગૃહ. ૩ પાણીમાં ચિત્રામણની પેઠે.

ઢાળ સાતમી.

(રેવતી ગિરીઉપરે--એ દેશી.)

હવે અવસર જાણી, કરિયે સંલેષણ સાર;
અણુસણ આદરિયેં, પચખ્ખી ચારે આહાર,
લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ;
એ આતમ ખેલે, સમતા જ્ઞાનતરંગ. ૧
ગતિ ચારે કીધાં, આહાર અનંત નિઃશંક;
પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચિયો રંક;
દુલહો એ વળી વળી, અણુસણનો પરિણામ;
એથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨
ધન ધન્ના શાલિભદ્ર, ખંધો મેઘકુમાર;
અણુસણ આરાધી, પામ્યા ભવનો પાર;
શિવમંદિર જાશે, કરી એક અવતાર;
આરાધન કેરો, એ નવમો અધિકાર. ૩
દશમે અધિકારે, મહામંત્ર નવકાર;
મનથી નવિ મૂકો, શિવ સુખ ફળ સહકાર[૧];
એ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર;
સુપરે[૨] ૨ એ સમરો, ચૌદ પુરવનો સાર ૪
જન્માંતર જાતાં, જો પામે નવકાર;
તો પાતક ગાળી; પામે સુર અવતાર.

---

૧ આમ્રવૃક્ષ; કલ્પવૃક્ષ. ૨ સમ્યક્ પ્રકારે; ભાવપૂર્વક

એ નવપદ સરખો મંત્ર ન કોઈ સાર;
ઈહ ભવને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ૫

જુઓ ભીલ ભીલડી, રાજા રાણી થાય;
નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય.
રાણી રત્નાવતી, બેહુ પામ્યાં સુરભોગ;
એક ભવથી લેશે, સિદ્ધિવધૂ સંયોગ. ૬
શ્રીમતિને એ વળી, મંત્ર ફળ્યો તતકાળ;
ફણિધર ફીટીને, પ્રગટ થઈ ફુલમાળ.

શિવકુમરે યોગી, સોવનપુરિસો[૧] કીધ;
એમ એણે મંત્રે, કાજ ઘણાનાં સિદ્ધ. ૭
એ દશ અધિકારે, વીર જીણેસર ભાખ્યો;
આરાધન કેરો, વિધિ જેણે ચિત્તમાં રાખ્યો;
તેણે પાપ પખાળી, ભવભય દુરે નાંખ્યો;
જીન વિનય કરંતાં, સુમતિ અમૃત રસ ચાખ્યો. ૮

ઢાલ આઠમી.

(નમો ભવિ ભાવશું એ—એ દેશી.)

સિદ્ધારથ રાય કુળતિલોએ, ત્રિશલામાત મલ્હાર[૨] તો;
અવનિતળે તુમે અવતર્યા એ, કરવા અમ ઉપગાર
જયોજિન વીરજીએ. ૧

૧ સોનાનો પુરૂષ સોનાનુ પુતળું. ૨ કુલતિલક, ૩

મેં અપરાધ કર્યા ઘણા એ, કેહેતાં ન લહુ પાર તો;
તુમ ચરણે આવ્યાં ભણીએ, જો તારે તો તાર—જ૦ ૨
આશ કરીને આવિયો એ, તુમ ચરણે મહારાજ તો;
આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ—જ૦ ૩

કર્મ અલુજણ[૧] આકરાંએ, જન્મ મરણ જંજાળ તો,
હું છું એહથી ઉભગ્યો એ. છોડવ દેવ દયાળ—જ૦ ૪
આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોળ તો;
તુઠો જિન ચોવીસમો એ, પ્રગટ્યા પુન્ય કલ્લોલ—જ૦ ૫
ભવ ભવ વિનય તુમારડોએ, ભાવ ભક્તિ તુમ પાય તો
દેવ દયા કરી દીજીએ એ, બોધબીજ સુપસાય—જ૦ ૬

ક્ષમાપના.

હે ભગવાન્ ! હું બહુ ભુલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનોને લક્ષમાં લીધાં નહીં, તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મે વિચાર કર્યો નહીં, તમારાં પ્રણીત કરેલા ઉત્તમ શીળને સેવ્યુ નહીં, તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવાન્ ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો, અને અનંત સંસારની વિટમ્બણામાં પડ્યો છું. હું પાપી છું, હું બહુ મદોન્મત અને કર્મરજથી કરીને મલીન છું. હે પરમાત્મા !

૧ કારમાં.

તમારાં કહેલાં તત્વો વિના મારો મોક્ષ નથી, હું નિરંતર પ્રપંચમાં પડયો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી, અને હું મૂઢ છું, નિરાશ્રિત છું, અનાથ છું, નિરાગી પરમાત્મા ! હવે હું તમારૂં, તમારા ધર્મનું, અને તમારા સાધુનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઇ, હું તે સર્વ પાપથી મુકત થાઉં, એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાતાપ કરૂં છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઉંડો ઉતરૂં છું, તેમ તેમ તમારા તત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નિરાગી, નિર્વિકારી, સત્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોકય પ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્વની શંકા ન થાય. તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એજ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ. હે સર્વજ્ઞ ભગવાન્ ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઇ અજાણ્યું નથી. માત્ર પશ્ચાતાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું;

ॐ शांतिः शांतिः शांतिः

ॐ

श्रीगौतमाय नमः

શ્રી સાધુવંદના.

(પ્રહ ઉઠી વંદુ, ઋષભદેવ ગુણવંત—એ દેશી.)

નમુ અનંત ચોવીશી, રિષભાદિક માહાવીર;
આરજ ક્ષેત્રમાં, ઘાલી ધર્મની સીર[1]. ૧

મહા અતુલી બલ નર, શૂર વીરને ધીર,
તીરથ પ્રવૃતાવી, પોંહોતા ભવજલ તીર ૨

સીમંધર પ્રમુખ, જઘન્ય તીર્થંકર વીશ
છે અઢી દ્વીપમાં, જયવંતા જગદીશ ૩

એકસોને સીતેર, ઉત્કૃષ્ટ પદે જગીશ
ધન મહોટા પ્રભુજી, જેહનેં નમાવું સીશ ૪

---

૧ મૂળ

કેવલી દોય કોડી, ઉત્કૃષ્ટા નવ કોડ,
મુનિ દોસહસ કોડી, ઉત્કૃષ્ટ નવ સહસ કોડ ૫
વિચરે વિદેહે, મહોટા તપસી ઘોર
ભાવેં કરી વંદુ, ટાલે ભવની કોડ ૬
ચોવીશે જિનના, સઘલાએ ગણધાર
ચઉદસેંને બાવન, તે પ્રણમું સુખકાર ૭
જિન શાસનનાયક, ધન્ય શ્રી વીર જિણંદ
ગૌતમાદિક ગણધર, વર્ત્તાવ્યો આણંદ ૮
શ્રી રિષભ દેવના, ભરતાદિક સોપુત્ર
વૈરાગ મન આણી, સંયમ લીયો અદ્દભુત ૯
કેવલ ઉપારેંજી, કર કરણી કરતૂત
જિનમત દીપાવી, સઘલા મોક્ષેં પહોત ૧૦
શ્રી ભરતેસરના, પટોધર હુઆ આઠ
આદિત્ય જશાદિક, લીધી શિવપુર વાટ ૧૧
શ્રી જિન અંતરના, હુઆ પાટ અસંખ
મુનિ મુકતે પહોંતા, ટાલી કર્મનાવંક ૧૨

---

૧ ઉપાર્જે—પામી.

મન કપીલ મુનીસર, નેમી નમું અણગાર;
જેણે તત્ક્ષણ ત્યાગ્યા, સહસ રમણી પરિવાર ૧૩
મુનિવર હરિકેશી, ચિત્ર મુનીસર સાર;
શુદ્ધ સંયમ પાળી. કરી દીઓ ભવપાર. ૧૪
વળી ઇખુકાર રાજા. ઘેર કમલાવતી નાર;
ભગૂને જશા તેહના દોય કુમાર ૧૫
છએ રિદ્ધિ છાંડીને, લીધો સંયમ ભાર;
એ અલ્પકાળમાં, પામ્યા મોક્ષદુવાર. ૧૬
વળી સંયતિ રાજા, હરણ આહિડે[૧] જાય;
મુનિવર ધર્મ ભાળી, આણ્યો મારગ ઠાય ૧૭
ચારિત્ર લેઇને, ભેટયા ગુરૂના પાય;
ક્ષત્રી રાજરિષી સર, ચરચા કરી ચિત્ત લાય. ૧૮
વળી દશે ચક્રવર્તિ, રાજ રમણી રિધિ છોડ;
દશે મુક્તે પોંહોતા, કુલને શોભા ચોડ[૨] ૧૯
એ ઉત્સરપણીમાં, આઠ રામ ગયા મોક્ષ;
બલભદ્ર મુનીસર, ગયા પાંચમે દેવલોક. ૨૦

---

૨ ચોડાને—આપીને ૧ શીકાર ખેલવા

દશાર્ણભદ્ર રાજા, વીરવાંદ્યા ધરી માન;
પછી ઈંદ્રે હઠાવ્યો, દીઓ છકાય અભયદાન ૨૧
કરકંડુ પ્રમુખ જે, ચારે પ્રત્યેક બોદ્ધ;[1]
મુનિ મુક્તે પહોંતા, જીત્યા કર્મ મહા યોદ્ધ ૨૨
ધન મહોટા મુનિવર, મૃગા પુત્ર જગીશ;
મુનિવર અનાથી, જીત્યા રાગ ને રીશ ૨૩
વલી સમુદ્ર પાલ મુનિ, રાજી મતિરહનેમ;
કેશી ને ગૌતમ, પામ્યા શિવપુર એમ. ૨૪
ધન[2] વિજયઘોષમુનિ, જય ઘોષ વલી જાણ;
શ્રી ગર્ગાચારય, પોહોંતા છે નિરવાણ. ૨૫
શ્રી ઉત્તરાધ્યયનમાં, જિનવરે કરચા વખાણ;
શુદ્ધે મન ધ્યાવો, મનમેં ધીરજ આણ. ૨૬
વલી ખંધક સંન્યાશી, રાખ્યો ગૌતમ સ્નેહ;
મહાવીર સમીપે, પંચ મહાવ્રત લેહ. ૨૭
તપ કઠણ કરીને, ઝોંશી[3] આપણી દેહ;
ગયા અચ્યુદેવલોકે[4], ચવી લેશે ભવ છેહ ૨૮

---

૧ પ્રત્યેક બુદ્ધ. ૨ ધન્ય. ૩ બાળીનાખી, કાસરકાઢી ૪ અચ્યુત.

વલી રિષભદત્તમુનિ, શેઠ સુદર્શન સાર;
શિવરાજ રિષીસર, ધન ગાંગેય અણગાર. ૨૯
શુદ્ધ સંયમ પાલી, લીઓ કેવલ સાર;
એ ચારે મુનિવર, પોહોંતા મોક્ષ મોઝાર. ૩૦
ભગવંતની માતા, ધન સતી દેવાનંદા;
વલી સતી જયવંતિ, છોડદીઓ ઘરફંદા[1]. ૩૧
સતી મુકતે પોહોતા, વલી શ્રી વીરની નંદા;
મહાસતી સુદર્શના, ઘણી સતીના વૃંદા[2]. ૩૨
વલી કાર્તિક શેઠે, પડિમા વહી શૂરવીર;
જેમ મોહોરા ઉપર, તાપસે બલતિ ખીર. ૩૩
પછી ચારીત્ર લીધો, મિત્ર એક સહસઆઠ ભીર[3];
મરી હુઆ શકલેંદ્ર[4], ચવી લેશે ભવતીર. ૩૪
વલા રોય ઉદાઇ, દીઓ ભાણેજને રાજ;
પોહોતો ચારિત્ર લેઇને, સારચાં ઉત્તમ કાજ. ૩૫
ગંગ દત્ત મુની આણંદ, તરણ તારણ જિહાજ;
કોશલ મુનિ રોહો, દીઓ ઘણાને સાજ. ૩૬

---

૧ ઉપાધિ ફંદ. ૨ ટોળું સમૂહ. ૩ ભડ શુરવીર. ૪ શકેંદ્ર

ધન્ય સુનક્ષત્ર મુનિવર, સર્વાનુભૂતિ અણગાર;
આરાધક હુઇને ગયા દેવલોક મઝાર. ૩૭

ચવી મુકતેં જાશે, વલી સીઓ મુનીસર સાર;
બીજા પણ મુનિવર, ભગવતીમાં અધિકાર. ૩૮

શ્રેણીકનો બેટો, મહોટો મુનિવર મેઘ;
ત્યજી આઠ અંતેઉરી[૧] આણ્યો મન સંવેગ. ૩૯

વીર પાસે વ્રત લઇનેં, બાંધી તપની તેગ[૨];
ગયા વિજય વિમાને, ચવી લેશે શિવ વેગ[૩]. ૪૦

ધન્ય થાવચ્ચા પુત્રને, ત્યજી બત્રીશેં નાર;
તેની સાથે નિકલ્યા, પુરૂષ એકહજાર. ૪૧

શુકદેવ સંન્યાસી, એકસહસ શિષ્ય સાર;
પાંચસેં સું સૈલિંગ, લીધો સંયમ ભાર. ૪૨

સર્વ સહસ અઢાઇ[૪], ઘણા જીવોને તાર;
પાંડુગિરિ[૫] ઉપર, કર્યો પાદોપગમન સંથાર. ૪૩

---

૧ રાણી. ૨ હથીઆર. ૩ વેગે, થોડા વખતમાં. ૪ અઢી
૫ પાંડુગિરિ, પુંડરિકગિરિ, સિધ્ધાચલ.

આરાધક હુઇને, કીધો ઉખેવો પાર;
હુઆં મ્હોટા મુનીસર, નામ લીધે નિસ્તાર. ૪૪
ધન જન પાલ મુનિવર. દોય ધનાવાસાથ;
ગયા પ્રથમ દેવલોકે, મોક્ષ જશે આરાધ. ૪૫
શ્રીમલ્લીના છ મિત્ર, મહાબલ પ્રમુખ મુનિરાય;
સર્વ મોક્ષ સધાવ્યા, મ્હોટી પદવી પાય. ૪૬
વલી જીતશત્રુ રાજા, સુબુદ્ધિ નામે પ્રધાન;
પોતે ચારિત્ર લઇને, પામ્યા મોક્ષ નિધાન. ૪૭
ધન્ય તે તલીમુનીવર, દીયો છકાય અભયદાન;
પોટિલા પ્રતિબોધી, પામ્યા કેવલ જ્ઞાન. ૪૮
ધન્ય પાંચે પાંડવ, ત્યજી દ્રૌપદી નાર;
સ્થવીરની પાસે, લીધો સંયમ ભાર. ૪૯
શ્રીનેમવંદનનો, એહવો અભિગ્રહ કીધ;
માસ માસ ખમણ તપ, શત્રુંજય જઈ સિદ્ધ. ૫૦
ધર્મ ઘોષ મુનિના શિષ્ય, ધર્મ રૂચિ અણગાર;
કીડીઓની કરૂણા, આણી દયા રસાલ. ૫૧

---

૧ ઉત્ક્ષેપ, જન્મ-મરણ.

કડવી તુંબીનો, કીધો સઘલો આહાર;
સરવાર્થ સિધ્ધે પોહોંતા ચવિ લેશે ભવપાર. ૫૨
વલી પુંડરિક રાજા, કંડરિક ડગીઓ જાણ;
પોતે ચારિત્ર લેઇને, ન ઘાલી ધર્મમાં હાણ. ૫૩
સરવાથસિધ્ધિ પોહોંતા, ચવિ લેશે નિરવાણ;
શ્રીજ્ઞાતા સૂત્રમાં, જિનવરે કરયાં વખાણ. ૫૪
ગૌતમાદિક કુંઅર, સગા અઢારે ભ્રાત;
અંધક વિષ્ણુના સુત, ધારણી જેહની માત. ૫૫
ત્યજી આઠ આઠ નારી, કાઢી દિક્ષાની વાત;
ચારિત્ર લેઇને, કીધો મુક્તિનો સાથ, ૫૬
શ્રી અણીસણાદિક, છએ સહોદર ભાય;
વસુદેવના નંદન, દેવકી જેહની માય. ૫૭
ભદ્દિલપુર નગરી, નાગ ગાહાવઇ[1] જાણ;
સુલશા ઘેર વધેયા[2], સાંભલી નેમની વાણ ૫૮
ત્યજી બત્રીશ નારી, નિકલિઆ છટકાય;
નલ કુબેર સમાણા, ભેટ્યા શ્રીનેમના પાય. ૫૯

૧ ગાથાપતિ ગૃહસ્થ. ૨ વધેલા ઉછરેલા.

કરી છઠ્ઠ છઠ્ઠ પારણા, મનમેં વૈરાગ્ય લાય;
એક માસ સંથારે. મોક્ષ બીરાજ્યા જાય. ૬૦
વલી દારૂણ સારૂણ, દુમુખ સુમુખ મુનિનામ;
કુબેર અણાઢી, ગયા મુક્ત ગતિઠામ. ૬૧
વસુદેવના નંદન, ધનધન ગજસુકુમાલ;
રૂપે અતિ સુંદર, કલાવંત વય બાલ. ૬૨
શ્રીનેમ સમીપેં, છોડયો મોહજંજાલ;
ભિક્ષુની પડીમા, ગયા મસાણમાં કાલ.[1] ૬૩
દેખિ સોમલ્લ કોપ્યો, મસ્તક બાંધી પાલ;
ખેરાનાં ખીરાં શિર ઠવીઆ અસરાલ. ૬૪
મુનિનજર ન ખંડી, મેટી મનની જાલ;
કઠણ પરિસહ સહીને, મોક્ષ ગયા તત્કાલ. ૬૫
ધન જાલી મયાલી, ઊવયાલાદિક સાધ;
સાંબને પ્રધુમ્ન અનિરૂદ્ધ સાધ અખાડ.[2] ૬૬
સત્યનેમિ દૃઢનેમિ, કરણી કીધી વાઢ;[3]
દશ મોક્ષે પોંહોતા, જિનવર વચન આરાધ. ૬૭

૧ ભયંકર, ૧ આષાઢ મુનિ, ૨ બાઢ; ઉત્તમ.

વંન અર્જુન માલી કર્યો કદાગ્રહ દૂર;
વીરપેં વ્રત લેઇને, સત્યવાદી હુઆ શૂર. ૬૮
કરી છઠ્ઠ છઠ્ઠ પારણા, ક્ષમા કરી ભવ પૂર;
છ માસની માંહે, કર્મ કર્યાં ચકચુર. ૬૯
વલી કુમર અઇમંતો, દીક્ષા ગૌતમ સ્વામ;
સુણી વીરની વાણી, કીધાં ઉત્તમ કામ. ૭૦
ચારિત્ર પાલીને. પોંહોતા શિવપુર ઠામ;
ધુર આદ મુકાઈ, અનંત અલક મુનિ નામ. ૭૧
વલી કૃષ્ણરાયની, અગ્ર મહિષી આઠ;
પુત્ર વહુ દોએ, સંચિઆ પુણ્યના ઠાઠ. ૭૨
યાદવ કુલસતીયાં, ટાળ્યો દુઃખ ઉચાટ;
પોંહોતા શિવપુર મેં, એ છે સૂત્રનો પાઠ. ૭૩
શ્રેણિકની રાણી, કાલિઆદિક દશ જાણ;
દશ પુત્ર વિયોગે, સાંભળી શ્રી વીરની વાણ. ૭૪
ચંદન બાલાપેં, સંયમ લેઇ હુઆ જાણ;
તપ કરી દેહ શોષી પોતા છે નિરવાણ. ૭૫

નંદાદિક તેરે, શ્રેણિક નૃપનીનાર,
ચંદનબાલાપેં લીધો સંયમ ભાર. ૭૬
એક માસ સંથારે, પોંહોતા મોક્ષમોઝાર;
એ નેવું જણાનો, અંતગડમાં અધિકાર. ૭૭
શ્રેણિકના બેટા જાલિઆદિક ત્રેવીશ;
વીરપેંવ્રત લઇને, પાલ્યાં વિશ્વાવિશ. ૭૮
તપ કઠણ કરીનેં, પુરી મનની જગીશ;
દેવલોકે પોંહોતા, મોક્ષ જશે તજી રીશ. ૭૯
કાકંદિનો ધનો, ત્યજી બત્રીશે નાર;
મહાવીર સમીપે, લીધો સંયમભાર. ૮૦
કરી છઠ્ઠ છઠ્ઠ પારણા આંબિલ ઉચિત આહાર;
શ્રીવીરે વખાણ્યો, ધન ધનો અણગાર. ૮૧
એક માસ સંથારે, સરવાર્થ સિદ્ધેપોહત્ત;
મહાવિદેહ ક્ષેત્રમાં, કરશે ભવનો અંત. ૮૨
ધનાની રીતે, હુવા નવેઈ સંત;
શ્રી અનુત્તરોવવાઇમાં ભાષિગયા ભગવંત. ૮૩

સુબાહુ પ્રમુખ વલી, પાંચ પાચસેં નાર;
ત્યજી વીરપેં લીધાં, પંચ મહાવ્રતસાર. ૮૪
ચારિત્ર લેહને, પાલ્યું નિરતિ ચાર;
દેવ લોકે પોંહોતા, સુખ વિપાકેં અધિકાર. ૮૫
શ્રેણિકના પોતરા[1] ઉપમાદિક હુવા દશ;
વીરપેંવ્રત લેઇનેં, કાઢયો દેહનો કસ[1] ૮૬
સંયમ આરાધિ દેવલોકમાં જઈ વશ.
મહાવિદેહ ક્ષેત્રમાં, મોક્ષ જાશે લઈ જશ. ૮૭
બલભદ્રના નંદન નિષધાદિક હુઆ બાર,
ત્યજીપચાશ પચાશનારી, ત્યાગ દિઓ સંસાર ૮૮
સહુ નેમસમીપેં, ચાર મહાવૃત લીધ.
સરવાર્થ સિદ્ધ પોંહોતા, હોશે વિદેહમાં સિદ્ધ ૮૯
ધનધનો શાલિ ભદ્ર, મુનીશ્વરોની જોડ,
નારીના બંધન, તત્ક્ષણ નાખ્યા તોડ. ૯૦

---

૧ પૌત્ર-પુત્રના પુત્ર. ૧ કસોટી.

ઘર કુટુંબ કબીલો, ધન કંચનની કોડ,
માસ માસ ખમણ તપ ટાળશે ભવની ખોડ. ૯૧
શ્રી સુધર્માના શિષ્ય. ધન ધન જંબુસ્વામી;
ત્યજી આઠ અંતેઉરી,[1] માત પિતા ધન નામ. ૯૨
પ્રભવાદિક મહા મુનિ પોહોતા શિવપુર ઠામ,
સૂત્ર પ્રવર્ત્તાવી જગમાં રાખ્યું નામ. ૯૩
ધન ઢંઢણ મુનિવર, કૃષ્ણરાયના નંદ;
શુદ્ધ અભિગ્રહ પાલી, ટાલી દીઓ ભવ ફંદ ૯૪
વલી ષંધક રિષીની, દેહ ઉતારી ખાલ;
પરિષહ સહીને, ભવ ફેરા દિઆ ટાલ. ૯૫
વલી ષંધક રિષીના. હુઆ પાંચસેં શિષ્ય;
ઘાણીમાં પીલ્યા, મુક્તિ ગયા તજી રીશ. ૯૬
સંભુતિવિજય શિષ્ય. ભદ્રબાહુ મુનિ રાય,
ચઉદ પૂરવધારી, ચંદ્રગુપ્ત આણ્યો ઠાય[2] ૯૭
વલી આર્દ્ર કુમાર મુનિ, થુલી ભદ્ર નંદિષેણ;
અરણિક અઇમંતો, મુનીસરોનિ શ્રેણ[3] ૯૮

---

૧ રાણીઓ ૨ ઠેકાણે ૩-હાર-આદિ ઘણા મુનિયો.

ચોવીશે જિનના મુનિ, સંખ્યા અઠાવીશ લાખ;
સહસ અડતાલીશ ઉપર, સૂત્ર પરંપરાભાષ. ૯૯
કોઇ ઉત્તમ વાંચો, મુખે જયણા રાખ.
ઉઘાડા બોલે, પાપ લાગે વિપાક ૧૦૦
ધન મરૂદેવી માતા, ધ્યાવું નિરંજન ધ્યાન;
ગજ હોદે પામ્યાં, નિર્મલ કેવલજ્ઞાન ૧૦૧
ધન આદીશ્વરની પુત્રી, બ્રાહ્મીસુંદરી દોય;
ચારિત્ર લઈને, મુક્તિ ગયાં શુદ્ધ હોય ૧૦૨
ચૌવીશે જિનની, વડી શિષ્યણી ચઉવીશ,
સતીમુતકે પહોંતા, પુરી મનની જગીશ ૧૦૩
ચૌવીશે જિનની, સર્વ સાધ્વી સાર;
અડતાલીશ લાખને, આડસેં સિતેર હજાર ૧૦૪
ચેડાની પુત્રી, રાખી ધર્મસુંપ્રાત,
રાજેમતી વિજયા, મૃગાવતી સુવિનીત ૧૦૫
પદમાવતી મણિરઆ,[1] દ્રૌપદી દમયંતી સીત[2]
ઈત્યાદિક સતીઓ, ગઈ જન્મારો જીત ૧૦૬

૧ મદનરેખા ૨ સીતા.

ચોવાશે જિનના, સાધુ સાધવી સાર,
ગયા મોક્ષ દેવલોકે, રૂદયે રાખી ધાર. ૧૦૭
એ; અઢી દ્વીપમાં વરડા તપસી બાલ,
પંચ મહાવ્રત ધારી, નમો નમો ત્રણ કાલ ૧૦૮
એ જતિ સતીનાં લીજે નિત પ્રત્યે નામ,
મન શુધ્ધે ધ્યાવો, એ તરવાનો ઠામ ૧૦૯
જતીઆં સતીઆંસું, રાખો ઉજવલ ભાવ,
કહે રિખજેમલજી, એક તરણનો[1] દાવ ૧૧૦
સંવત્ અઢાર ને વરસાનો સિરદાર;
શહેર ઝાલોરમાં, એહ કહયો અધીકાર ૧૧૧

---

૧ તરવાનો.

વરસા (વર્ષાદ) નો સરદાર ઈંદ્રઃ ઇંદ્ર ચોશઠ એટલે સંવત્ ૧૮૬૪ ના ચોમાસામાં (ચાતુર્માસમાં) ઝાલોરમા ઋષિ જયમલજી એ આ સાધુવંદના રચ્યાનું અનુમાન થઇ શકે.

ઇતિ સાધુવંદના સમાપ્ત,